ખેડા પોલીસે મધ્યપ્રદેશથી ભાવનગર જતો 'મોતનો સામાન' પકડી પાડ્યો

સેવાલિયા ચેકપોસ્ટ પર ૫ હથિયાર અને ૪૦ કારતૂસ સાથે ૩ ઝડપાયા

ખતેડ ચેકપોસ્ટ પાસે સ્વીફ્ટ કારને કોર્ડન કરી 4 પિસ્ટલ અને 1 રિવોલ્વર કબજે લેવાઈ

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૦

ખેડા જિલ્લાની સેવાલિયા પોલીસે ફિલ્મી ઢબે ઓપરેશન પાર પાડી ગેરકાયદે હથિયારોની હેરાફેરીનો પર્દાફાશ કર્યો છે. મધ્યપ્રદેશથી ખરીદેલા 5 ઘાતક હથિયારો અને 40 જીવતા કારતૂસ ભાવનગર પહોંચાડવામાં આવે તે પહેલા જ પોલીસે ખતેડ ચેકપોસ્ટ પર બાતમીના આધારે સ્વીફ્ટ કારને આંતરી ત્રણ શખ્સોની ધરપકડ કરી છે. પ્રાથમિક તપાસમાં આ હથિયારો ભાવનગરના માથાભારે શખ્સને પહોંચાડવાના હોવાનું ખુલ્યું છે.

સેવાલિયા પોલીસ સ્ટેશનની ટીમ ખતેડ ચેકપોસ્ટ પર વાહન ચેકિંગમાં હતી ત્યારે બાતમી મુજબની સ્વીફ્ટ ગાડી આવતા તેને ચારેય બાજુથી કોર્ડન કરી લેવામાં આવી હતી. ગાડીમાં સવાર આશિષ પાટડીયા (ડ્રાઈવર), શશાંક રાજપુત અને પ્રવિણ વાળાની પોલીસે કડક પૂછપરછ હાથ ધરી હતી. ગાડીની તલાશી લેતા તેમાંથી ભારતીય બનાવટની મેગેઝીનવાળી 4 દેશી પિસ્ટલ, 1 રિવોલ્વર અને 40 જીવતા કારતૂસ મળી આવ્યા હતા. આ હથિયારો મધ્યપ્રદેશના એક શખ્સ પાસેથી અંદાજે 5 લાખ રૂપિયામાં ખરીદવામાં આવ્યા હોવાની કબૂલાત આરોપીઓએ કરી છે. પોલીસે હથિયારો, મોબાઈલ અને સ્વીફ્ટ ગાડી સહિત કુલ 6.25 લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી મુખ્ય સૂત્રધાર સિકંદરને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

પેન્ટમાં ગાંઠો મારી હથિયારો છુપાવ્યા હતા

પોલીસથી બચવા માટે આરોપીઓએ અનોખી તરકીબ અપનાવી હતી. પંચોની હાજરીમાં જ્યારે ગાડીની તપાસ કરાઈ ત્યારે ડ્રાઈવર સીટની બાજુની સીટ નીચેથી એક વાદળી રંગનું પેન્ટ મળી આવ્યું હતું. આ પેન્ટના બંને પગોના ભાગે ગાંઠો મારેલી હતી અને તેમાં વજનદાર વસ્તુઓ સંતાડેલી હતી. પોલીસે ગાંઠો છોડતા તેમાંથી પિસ્ટલ અને કારતૂસનો જથ્થો મળી આવ્યો હતો.

મોટી ઘટનાને અંજામ આપવાની ફિરાક?

ઘાતક હથિયાર સાથે પકડાયેલા શખસોનો ગુનાહિત ઇતિહાસ હોવાનું જાણવા મળ્યું છે. હથિયારો મંગાવનાર મુખ્ય આરોપી સિકંદર સામે અગાઉ હત્યા અને રાયોટિંગ જેવા ગંભીર ગુનાઓ નોંધાયેલા છે. પકડાયેલો શશાંક સામે લૂંટ અને મારામારી, જ્યારે પ્રવીણ સામે પોક્સો અને મારામારીના ગુના દાખલ થયેલા છે. આટલી મોટી માત્રામાં હથિયારો મંગાવવા પાછળ કોઈ મોટી ઘટનાને અંજામ આપવાનો હેતુ હોવાની પોલીસને આશંકા છે.

નડિયાદમાં હાઈવે પર ગાય આડી ઉતરતા અકસ્માતમાં યુવકનું મોત

અમદાવાદથી ઘરે પરત ફરી રહેલા કરમસદના યુવકને માથામાં ગંભીર પહોંચી

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૦

નડિયાદ નજીક નેશનલ હાઈવે નંબર ૪ પર પીજ ચોકડી પાસે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. અમદાવાદથી કરમસદ પોતાના ઘરે મોટરસાયકલ પર પરત ફરી રહેલા 32 વર્ષીય રવિ શર્માની બાઈક સામે અચાનક એક ગાય આવી જતાં જોરદાર ટક્કર થઈ હતી. બાઈકની ગતિ હોવાને કારણે યુવકે વાહન પરનો કાબૂ ગુમાવ્યો હતો અને તે રોડ પર જોરભેર પટકાયો હતો. માથાના ભાગે અત્યંત ગંભીર અને જીવલેણ ઈજાઓ પહોંચવાના કારણે રવિ શર્માએ ઘટનાસ્થળે જ દમ તોડી દીધો હતો.

આ અકસ્માતની જાણ થતાં જ હાઈવે પેટ્રોલિંગ અને સ્થાનિક પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો. પોલીસે મૃતકના ખિસ્સામાંથી મળેલા દસ્તાવેજોના આધારે તેની ઓળખ કરી પરિવારને જાણ કરી હતી. આ ઘટનાને પગલે મૃતકના પરિવારજનોએ તંત્રની ઢીલી નીતિ સામે ભારે રોષ વ્યક્ત કર્યો હતો.

એજન્સીઓ - અધિકારીઓનો કોઈ અંકુશ નહીં

શહેરમાં અને હાઇવે પર રખડતા ઢોરનો ત્રાસ દિવસેને દિવસે બેકાબૂ બની રહ્યો છે. આ મામલે કામ કરતી એજન્સીઓ અને જવાબદાર અધિકારીઓનો કોઈ જ અંકુશ રહ્યો નથી. મુખ્ય માર્ગોથી લઈને સોસાયટીઓ સુધી ઢોરોનો અડિંગો હોવા છતાં સંબંધિત વિભાગો દ્વારા માત્ર દેખાડા પૂરતી જ કામગીરી કરવામાં આવતી હોવાનો આક્ષેપ થઈ રહ્યો છે, જેના કારણે નિર્દોષ વાહનચાલકોના જીવ જોખમમાં મુકાઈ રહ્યા છે.

ગાઈડલાઈનનું પાલન કરાવવામાં નિષ્ફળ

રખડતા ઢોરની સમસ્યા નાથવા માટે ગુજરાત હાઈકોર્ટ અને સરકાર દ્વારા સ્પષ્ટ ગાઈડલાઈન હોવા છતાં નડિયાદ મહાનગરપાલિકા તેના અમલમાં સદંતર નિષ્ફળ સાબિત થઈ છે. પશુ માલિકો પાસે પરમિટ, દરેક પશુને RFID ચીપ લગાવવી અને નિયમભંગ કરનાર સામે આકરો દંડ વસૂલવા જેવા મહત્વના 5 થી 6 નિયમો માત્ર કાગળ પર જ સીમિત રહી ગયા છે.

આણંદ પાસે ઝાડ સાથે કાર અથડાતાં ચાલકનું કરૂણ મોત

સીસ્વા ગામના યુવકે સ્ટેયરિંગ પરથી કાબૂ ગુમાવતા અકસ્માત સર્જાયો

(પ્રતિનિધિ) આણંદ તા.૨૦

આણંદના બોરસદ હાઈવે પર ખાંધલી ગામ નજીક રવિવારે સાંજે હૃદયદ્રાવક માર્ગ અકસ્માત સર્જાયો હતો. પૂરપાટ ઝડપે જઈ રહેલી એક કાર રોડ સાઈડમાં આવેલા ઝાડ સાથે ધડાકાભેર અથડાતાં ચાલકનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું છે. આ બનાવને પગલે સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

બોરસદ તાલુકાના સીસ્વા ગામે રહેતા રિકેશભાઈ રમણભાઈ પટેલ (ઉં.વ. ૪૦) રવિવારના સાંજના આશરે સાડા સાતેક વાગ્યે પોતાની કાર લઈને બોરસદથી આણંદ તરફ આવી રહ્યાં હતાં. આ દરમિયાન ખાંધલી ગામ પાસે આવેલા ઝોપડા મહારાજના મંદિર નજીક રિકેશભાઈએ કારના સ્ટેયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો. પરિણામે કાર માર્ગની સાઈડમાં આવેલા કાળિયા સરગવાના ઝાડ સાથે જોરદાર ધડાકા સાથે ભટકાઈ હતી.

આ અકસ્માતમાં કારના આગળના ભાગનો કચ્ચરઘાણ વળી ગયો હતો. ગંભીર ઈજાઓના કારણે રિકેશભાઈનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. આ અકસ્માતનો અવાજ સાંભળી આસપાસના લોકો દોડી આવ્યા હતા અને પોલીસને જાણ કરી હતી. આણંદ રૂરલ પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડી અકસ્માત અંગે કાયદેસરની તપાસ હાથ ધરી છે. આ ઘટનાને પગલે સીસ્વા ગામમાં શોકની કાલિમા છવાઈ ગઈ છે.

ખેડા જિલ્લામાં દિવસભર બફારા બાદ સાંજે મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી

નડિયાદમાં ઓફિસ છૂટવાના સમયે જ વરસાદથી જનજીવન પ્રભાવિત

માતરમાં સૌથી વધુ એક ઇંચ, નડિયાદમાં પોણો ઇંચ વરસાદ ખાબક્યો

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૦

નડિયાદ શહેર સહિત સમગ્ર પંથકમાં છેલ્લા ઘણા દિવસોથી સર્જાયેલા અસહ્ય ઉકળાટ અને બફારા બાદ આજે સાંજે વાતાવરણમાં એકાએક પલટો આવ્યો હતો. મેઘરાજાએ સાંજના સમયે નોકરી-ધંધા પરથી ઘરે પરત ફરી રહેલા લોકોના સમયે જ ધમાકેદાર બેટિંગ શરૂ કરતા માર્ગો પર જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. વરસાદને કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી જતાં લોકોને ગરમીમાંથી મોટી રાહત મળી છે, પરંતુ બીજી તરફ ટ્રાફિક જામને કારણે વાહનચાલકો કલાકો સુધી અટવાયા હતા.

નડિયાદ શહેરમાં સાંજે 4 થી 6 વાગ્યાના સમયગાળામાં મેઘરાજાએ મહેર કરી હતી. આ એ સમય હતો જ્યારે નોકરિયાત વર્ગ અને વેપારીઓ પોતાના કામકાજ પતાવી ઘરે પરત ફરી રહ્યા હતા. અચાનક તૂટી પડેલા વરસાદને કારણે લોકોએ રસ્તા કિનારે કે શેડ નીચે આશરો લેવો પડ્યો હતો. શહેરના મુખ્ય માર્ગો પર પાણી ભરાઈ જવાથી વાહનોની ગતિ થંભી ગઈ હતી, જેના પરિણામે લાંબો ટ્રાફિક જામ સર્જાયો હતો અને વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

માતર તાલુકામાં સૌથી વધુ 25 મિલીમીટર વરસાદ જિલ્લા કંટ્રોલ રૂમના સત્તાવાર આંકડા મુજબ, આજે સાંજે 4 થી 6 ના બે કલાક દરમિયાન માતર તાલુકામાં સૌથી વધુ 25 મિલીમીટર (1 ઇંચ) વરસાદ નોંધાયો હતો. નડિયાદ શહેરમાં 19 મિલીમીટર (પોણો ઇંચ) અને ખેડા તાલુકામાં 17 મિલીમીટર વરસાદ પડ્યો હતો. આ ઉપરાંત વસોમાં 11 મિલીમીટર અને મહેમદાવાદમાં 10 મિલીમીટર વરસાદ વરસ્યો હતો, જ્યારે અન્ય તાલુકાઓ કોરાધાકોડ રહ્યા હતા. નડિયાદમાં દિવસનો કુલ વરસાદ 20 મિલીમીટર નોંધાયો છે.

શૈશવના ઢાળ પાસે વર્ષો જૂની સમસ્યાનો અંત

નડિયાદના શૈશવના ઢાળ પાસે અગાઉ સામાન્ય વરસાદમાં પણ 24 કલાક સુધી પાણી ભરાયેલું રહેતું હતું. જોકે, આજે પડેલા વરસાદમાં નગરપાલિકાની આગોતરી કામગીરી અને પાણીના નિકાલ માટે મુકવામાં આવેલા મશીનોને કારણે આ પાણી માત્ર 1 કલાકમાં જ ખાલી થઈ ગયું હતું. વર્ષો જૂની આ સમસ્યાનો ઉકેલ આવતા સ્થાનિકો અને વાહનચાલકોએ હાશકારો અનુભવ્યો છે.

પેટલાદમાં જુની અદાવતમાં યુવકને ખંજરના ઘા ઝીંક્યાં

પ્રસાદ લેવા નીકળેલા યુવકને ચાર શખ્સોએ આંતરીને માર માર્યો

(પ્રતિનિધિ) પેટલાદ તા.૨૦

પેટલાદ તાલુકાના બોરીયા ગામમાં જૂની અદાવતને લઈને હિંસક બનાવ બનવા પામ્યો છે. ગત ૧૮મી તારીખની સાંજે ગામની દૂધની ડેરી સામે ચાર શખ્સોએ ભેગા મળીને એક યુવક પર ખંજર વડે જીવલેણ હુમલો કર્યો હતો. આ હુમલામાં લોહીલુહાણ થયેલા યુવકને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે, જ્યારે પોલીસે ચાર શખ્સો વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી શરૂ કરી છે.

બોરીયા ગામના રહેવાસી મહેબુબભાઈ વજેસિંહ મહિડા ૧૮મી જુલાઈના રોજ સાંજે આશરે સાડા સાત વાગ્યાના સુમારે બુંદીનો પ્રસાદ લેવા ઘરેથી નીકળ્યા હતા. તેઓ જ્યારે ગામની દૂધની ડેરી પાસેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે અગાઉથી ત્યાં હાજર સરફરાજ મનુભાઈ મહિડા, સોહિલ મનુભાઈ મહિડા અને યુનુસ હિંમતભાઈ મહિડાએ તેમને અટકાવી ઝઘડો કર્યો હતો. જોતજોતામાં મામલો બિચક્યો હતો અને સોહિલ તથા યુનુસે મહેબુબભાઈને પકડી જમીન પર પાડી દઈ માર માર્યો હતો. આ દરમિયાન સરફરાજે તેના ખંજર વડે જીવલેણ ઘા કરવાનો પ્રયાસ કર્યો હતો, જેમાં બચાવ કરવા જતાં મહેબુબભાઈના બંને હાથ પર ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ હુમલા દરમિયાન જીતેન્દ્ર મહિડાએ મારી નાખવાની ધમકી આપી હતી. જૂના ઝઘડાનું વેર રાખીને કરવામાં આવેલા આ હુમલા અંગે પેટલાદ રૂરલ પોલીસ સ્ટેશનમાં ચારેય સામે ગુનો નોંધ્યો હતો.

મલાતજ-ચાંગાપાસે કેનાલમાંથી ૧૦ ફૂટના મગરનું રેસ્ક્યુ કરાયું

મગરનું કદ મોટું હોવાથી તેને સુરક્ષિત રીતે કાબૂમાં લેવા માટે ટીમને ભારે જહેમત ઉઠાવવી પડી

(પ્રતિનિધિ) સોજિત્રા તા ૨૦

મલાતજ-ચાંગા ગામ પાસેથી પસાર થતી મુખ્ય કેનાલમાં પાણી ન હોવાથી અંદાજે ૧૦ ફૂટનો મહાકાય મગર ફસાઈ ગયો હોવાની જાણ કરમસદ સ્થિત દયા ફાઉન્ડેશનને કરવામાં આવી હતી. જાણ મળતા જ દયા ફાઉન્ડેશનની ટીમે વનવિભાગના સંયુક્ત પ્રયત્નો થકી ટીમ ઘટનાસ્થળે પહોંચી રેસ્ક્યુ કામગીરી હાથ ધરી હતી.

મગરનું કદ મોટું હોવાથી તેને સુરક્ષિત રીતે કાબૂમાં લેવા માટે ટીમને ભારે જહેમત ઉઠાવવી પડી હતી. અંદાજે એક કલાક સુધી ચાલેલી રેસ્ક્યુ કામગીરી બાદ ટીમે સફળતાપૂર્વક મહાકાય મગરને કાબૂમાં લઈ તેને તેના કુદરતી વસવાટમાં સુરક્ષિત રીતે મુક્ત કર્યો હતો. આ સમગ્ર કામગીરી દરમિયાન સ્થાનિક લોકોના ટોળાં ઘટનાસ્થળે એકત્ર થયા હતા. જોકે, વનવિભાગ અને દયા ફાઉન્ડેશનની સતર્ક કામગીરીને કારણે કોઈપણ પ્રકારની જાનહાનિ કે અણધારી ઘટના સર્જાઈ નહોતી. સ્થાનિકોએ બંને ટીમની ઝડપી અને સફળ કામગીરીને બિરદાવી હતી.

વેકેશનમાં વસ્તી ગણતરી બદલ રજા આપવા માંગ

રાજ્ય અધ્યાપક મહામંડળે ઉચ્ચ શિક્ષણ કમિશનરને આવેદન પત્ર પાઠવ્યું

(પ્રતિનિધિ) આણંદ તા.૨૦

રાજ્યની ગ્રાન્ટ-ઈન-એડ કોલેજોના અધ્યાપકો અને કર્મચારીઓએ તેમના નિયમિત વેકેશન દરમિયાન વસ્તી ગણતરીની કામગીરી નિષ્ઠાપૂર્વક બજાવી હતી. જાહેર હિતના આ મહત્વપૂર્ણ કાર્ય માટે કર્મચારીઓએ પોતાના વેકેશનનો સમય ફાળવ્યો હોવાથી, તેમને નિયમાનુસાર વળતર રજાનો લાભ મળે તે માટે ગુજરાત રાજ્ય અધ્યાપક મહામંડળ દ્વારા ઉચ્ચ શિક્ષણ કમિશનરને લેખિત રજૂઆત કરવામાં આવી છે.

આ અંગે અધ્યાપક મહામંડળના પ્રમુખ રાજેન્દ્ર જાદવ અને અન્ય સભ્યો દ્વારા કરવામાં આવેલી આ રજૂઆતમાં મુખ્ય ત્રણ માંગણીઓ પર ભાર મૂકવામાં આવ્યો છે. જેમાં વસ્તી ગણતરીની કામગીરી કરનાર તમામ પાત્ર અધ્યાપકો અને કર્મચારીઓને સરકારી નિયમો અને સેવા જોગવાઈઓ મુજબ વળતર રજા આપવામાં આવે. આ અંગે સમગ્ર રાજ્યમાં એકસરખી નીતિ અમલમાં આવે તે માટે ઉચ્ચ શિક્ષણ વિભાગ દ્વારા તાત્કાલિક સ્પષ્ટ પરિપત્ર અથવા આદેશ પ્રસિદ્ધ કરવામાં આવે. આ ઉપરાંત સંબંધિત કોલેજોના આચાર્યો આ લાભનો યોગ્ય અમલ કરી શકે તે માટે વિભાગ દ્વારા જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવે.

આ ઉપરાંત મહામંડળે રજૂઆત કરી છે કે કર્મચારીઓએ સરકારના આદેશોનું પાલન કરીને પોતાની ફરજ બજાવી હોવાથી તેમને વળતર રજા મળવી ન્યાયસંગત છે.

બોરસદ નપાના પાપે કોમ્પ્લેક્સ શોભાના ગાંઠિયા સમાન બન્યું

ઊંચી કિંમત અને કડક શરતોને કારણે રોકાણકારોમાં નારાજગી

(પ્રતિનિધિ) બોરસદ તા ૨૦

બોરસદ શહેરના સીંગલાવ રોડ પર નવી કોર્ટ સામે બોરસદ નગરપાલિકા દ્વારા અંદાજિત રૂ. ૪ કરોડના ખર્ચે નિર્માણ કરાયેલા બે માળના શોપિંગ સેન્ટરની ૬૪ દુકાનો દ્વારા પાલિકાને સ્વભંડોળ માટે કરોડોની આવક થશે તેવી આશા હતી, પરંતુ એકપણ દુકાન માટે હજુ સુધી વેચાણ ના થતાં સમગ્ર આયોજન પર પાણી ફરી વળ્યું હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

મળતી માહિતી મુજબ પાલિકાએ બે વર્ષ પહેલાં આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ શરૂ કર્યો હતો. નિર્માણ પૂર્ણ થયા બાદ ગત ૫ માર્ચે વેપારીઓ, વકીલો અને રોકાણકારોને હરાજીમાં ભાગ લેવા આમંત્રણ આપવામાં આવ્યું હતું. શરૂઆતમાં થોડાક લોકોએ ડિપોઝિટ પણ ભર્યા હતા, પરંતુ હરાજી શરૂ થતાં જ અપસેટ વેલ્યુને લઈને અસંતોષ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

પાલિકા દ્વારા આશરે ૫૦૦ ચોરસ ફૂટની દુકાન માટે રૂ. ૨૫ લાખની અપસેટ વેલ્યુ (સુખડીની રકમ) જાહેર કરવામાં આવી હતી. ઉપરાંત માસિક અંદાજિત રૂ. ૧૦ હજારથી ૧૩ હજાર સુધીનું ભાડું પણ નક્કી કરવામાં આવ્યું હતું. વેપારીઓ અને રોકાણકારોનું કહેવું હતું કે વિસ્તારની બજાર કિંમતની સરખામણીએ આ દરો ખૂબ ઊંચા હોવાથી રોકાણ કરવું વ્યવહારુ નથી. સાથે જ હરાજીની શરતો પણ કડક હોવાથી મોટા ભાગના રસ ધરાવતા લોકોએ ભાગ લેવાનું ટાળ્યું હતું. પરિણામે પાલિકાની એકપણ દુકાન વેચાઈ નહીં અને આજે કરોડોના ખર્ચે તૈયાર કરાયેલું શોપિંગ સેન્ટર ઉપયોગ વિના ધૂળ ખાતી હાલતમાં જોવા મળી રહ્યું છે. વેપારી વર્ગનું માનવું છે કે જો અપસેટ વેલ્યુમાં ઘટાડો કરવામાં આવે અને હરાજીની શરતો વધુ વ્યવહારુ બનાવવામાં આવે તો આગામી હરાજીમાં રોકાણકારોનો સારો પ્રતિસાદ મળી શકે છે.

બોરસદ પાલિકાના સુત્રોએ જણાવ્યું હતું કે દુકાનોની કિંમત વેલ્યુએશન કમિટીની ભલામણ મુજબ નક્કી કરવામાં આવી છે. જોકે ઊંચી અપસેટ વેલ્યુને કારણે હરાજીને પ્રતિસાદ મળ્યો ન હોવાનું સ્વીકારી તેમણે આગામી સમયમાં યોગ્ય નિર્ણય લેવામાં આવશે તેવો સંકેત આપ્યો હતો.

લાડવેલના ખેડૂતે યાંત્રિકીકરણથી સ્માર્ટ ખેતી તરફ સફળ પ્રયોગ કર્યો

ખેડુત દીક્ષિત પટેલે પેડી ટ્રાન્સપ્લાન્ટર બાદ હવે ડાંગરમાં નેનો ડીએપીનો નવતર પ્રયોગ કરતાં મજૂરી ખર્ચમાં બચત સાથે પાક ઉપજ વધશે

(પ્રતિનિધિ) લુણાવાડા તા ૨૦

મહીસાગર જિલ્લાના કોઠંબા તાલુકાના લાડવેલ ગામના પ્રગતિશીલ ખેડૂત દીક્ષિતકુમાર ચંદ્રકાંત પટેલ આધુનિક ખેતીના ક્ષેત્રે અન્ય ખેડૂતો માટે પ્રેરણારૂપ બન્યા છે. ગુજરાત સરકારની કૃષિ યાંત્રિકીકરણ યોજનાનો લાભ લઈ તેમણે વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન પેડી ટ્રાન્સપ્લાન્ટર મશીન વસાવ્યું હતું. છેલ્લા ચાર વર્ષથી તેઓ આ મશીનની મદદથી ડાંગરની રોપણી કરી રહ્યા છે અને હવે જિલ્લા ખેતી અધિકારીઓના માર્ગદર્શન હેઠળ ડાંગરના પાકમાં નેનો ડીએપી ખાતરનો પ્રાયોગિક ઉપયોગ શરૂ કરીને નવી દિશા નિશ્ચિત કરી છે.

પેડી ટ્રાન્સપ્લાન્ટર મશીનથી તેઓ ૧૨ એકર જમીનમાં એકલા હાથે ઝડપથી અને સમાન અંતરે ડાંગરની રોપણી કરે છે. પરિણામે મજૂરો પરની નિર્ભરતા મહદઅંશે સમાપ્ત થઈ ગઈ છે. મજૂરી ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો થવાની સાથે સમય અને નાણાં બંનેની બચત થઈ રહી છે. આ આધુનિક પદ્ધતિના કારણે અગાઉની સરખામણીએ પાકના ઉત્પાદનમાં અંદાજે ૧૦થી ૧૫ ટકા જેટલો વધારો પણ નોંધાયો હોવાનું તેઓ જણાવ્યું છે.

યાંત્રિકીકરણની સફળતા બાદ દીક્ષિત પટેલે ખાતરના ઉપયોગમાં પણ નવીનતા અપનાવી છે. આ વર્ષે તેમણે એક ખેતરમાં નેનો ડીએપીનો ઉપયોગ કર્યો છે, જ્યારે બીજા ખેતરમાં પરંપરાગત પદ્ધતિ જ અપનાવી છે. બંને ખેતરના પરિણામોની સરખામણી કરીને નેનો ડીએપીની અસરનું વૈજ્ઞાનિક મૂલ્યાંકન કરવામાં આવશે. પાક તૈયાર થયા બાદ આ પ્રયોગની સફળતા પ્રેરણારૂપ બની રહેશે.

જો આ પ્રયોગ સફળ રહેશે તો ખાતરની અછત જેવી સમસ્યાનો ઉકેલ મળવાની સાથે ડીએપીની ભારે થેલીઓના પરિવહનનો ખર્ચ અને ખેડૂતોની શારીરિક મહેનતમાં પણ નોંધપાત્ર ઘટાડો થઈ શકશે.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

આણંદ	નડિયાદ
જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ.	ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો

મો. 99250 30225, મો. 99255 50225